ગાંધીનગર સમાચાર

વાદળોની અવરજવર પણ વરસાદની ગેરહાજરી

# શહેરમાં અષાઢી બીજે ભવ્ય રથયાત્રા

**રથયાત્રામાં હાથી, ઘોડા, બેન્ડવાજા સાથે અખાડાનુ કરતબ આકર્ષણ જમાવશે : ભગવાન જગન્નાથજીની ૨.૫ કી મી લાંબી રથયાત્રામાં ૧૨ ઉંટલારી સાથે ૭૫ વાહનો જોડાશે સેકટરોમાં ભવ્ય સ્વાગત થશે ભાવિકો માટે ૨ હજાર કીલો પ્રસાદ તૈયાર કરાશે : જલારામ મંદિરના મોસાળમાં પણ ૪૫૦૦ ભાવિકોને મોહનથાળ અને ખીચડી છાશ પીરસવામાં આવશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં અષાઢી બીજના રોજ સવારે ૭ કલાકે ભગવાન જગન્નાથજીની ૩૨મી રથયાત્રા નિકળશે. ૨.૫ કી મી લાંબી રથયાત્રામાં ૭૫ જેટલા વાહનો જોડાશે.હાથી ઘોડા પાલખી સહીતના અનેક આકર્ષણો સાથે નિકળનારી રથયાત્રાનુ સેકટરોમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવશે. સેકટરોના માર્ગો જય રણછોડ માખણચોરના જયઘોષથી ગુંજી ઉઠશે. રથયાત્રામાં વિવિધ સંસ્થાઓ તેમજ વેપારીઓ પણ મોટી સંખ્યામાં જોડાશે.

ગાંધીનગરમાં વર્ષ ૧૯૮૫થી ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ આયોજન કરવામાં આવે છે. આગામી તા ૬ જુલાઈના રોજ પણ ભગવાન જગન્નાથજીની ૩૨ મી રથયાત્રા માટે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ભગવાનનો રથ શણગારવામાં આવી રહયો છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી પ્રસ્થાન કરવામાં આવશે. રથયાત્રા અંગે માહીતી આપતા પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યુ હતુ કે હિન્દુ સમાજે ભગવાનને પોતાના જીવનમાં વણી લીધા છે.જેનાથી જીવન શુસ્ક નહીં પરંતુ હર્યુભર્યુ લાગે.કોઈપણ જાતના ભેદભાવ વિના તેમજ પક્ષાપક્ષીથી દુર રહી ભગવાનને સાથે રાખી ઉજવાતો ઉત્સવ ધાર્મિક બને છે. તેમણે પાણીનો બગાડ ન કરી તેનો ઘી ની જેમ ઉપયોગ કરવા નગરજનોને અપીલ કરી હતી. જયારે પ્લાસ્ટીક પણ ગાયના મોં ન લાગે તે માટે ગમે ત્યાં ન ફેંકવા પણ સુચવ્યુ હતુ. રથયાત્રા સમિતિના દિનેશ કાપડીયાએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે રથયાત્રામાં એક હાથી,ઘોડાવાળી બગી,બેન્ડવાજા,૧૨ ઉંટલારી, તેમજ ૫૦ જેટલા નાના મોટા વાહનો જોડાશે ૨.૫ કી મી લાંબી રથયાત્રામાં ૧૫ ટેબલા સાથે વિવિધ ધાર્મિક તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ જાડાશે.રથયાત્રામાં અમદાવાદ અખાડાના યુવાનો કરતબ રજુ કરશે. રથયાત્રા દરમિયાન જય રણછોડ માખણચોર જેવા પ્રસંગાચિત સુત્રો સિવાય અન્ય કોઈપણ અપ્રસ્તુત સુત્રો ન બોલવા અને શિસ્ત જળવાઈ રહે તે માટે પુરતી તકેદારી રાખવામાં આવશે. રથયાત્રા દરમિયાન ભાવિકો માટે કાકડી જાંબુ તેમજ મગનો પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ દરમિયાન ૨ હજાર કીલો ગ્રામ

● અનુસંધાન પાના - ૭ પર



છત્રી પણ વરસાદના વિરહમાં... શહેરમાં આજકાલ રંગબેરંગી છત્રીઓ ઠેર ઠેર ગોઠવાઈ છે પણ વરસાદ વિના નથી છત્રીની કામગીરી કે નથી છત્રીનું બજાર ખૂલ્યું... છત્રી પણ વરસાદમાં ભીંજાવાની રાહ જુએ છે. છત્રીના જીવતરની યથાર્થતા જ વરસાદ છે. ખુલવું.. બંધ થવું, પલળવું અને સુકાવવું... એ જ છત્રીના જીવનનો નિત્યક્રમ છે. આકાશમાંથી વરસતી કૃપાને ઝીલવી અને માનવને વરસાદની જીંકમાંથી બચાવવો એ છત્રીનો ગુણધર્મ છે. છત્રી પોતે ભીંજાઈને એના ધારકને કોરાકટ રાખે છે.



**વરસાદ આવે કે ન આવે, વ્રતોની મોસમ નજદીક આવી રહી છે અને આ મોસમમાં ઉપવાસ ટાણે ઉપયોગી એવાં ફળો પણ બજારમાં ભરપૂર પ્રમાણમાં દેખાઈ રહ્યાં છે. એ પૈકી કુમારિકાઓને સૌથી વધુ ભાવતી અને એમના દ્વારા કરાતા વ્રતોમાં ઉપયોગમાં લેવામાં આવતી લાલ-પીળી ખારેક અને ઉપવાસ માટે વર્ષભર, ઓલટાઈમ હીટ કેળાં પણ તસવીરમાં દૃશ્યમાન થાય છે.**

## ધો-૧૦ અને ૧૨ની પુરક પરીક્ષા માટે ૧૩ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા

ગાંધીનગર તા ૨

ગુજરાત માધ્યમિક શિક્ષણ બાર્ડ દ્વારા આગામી તા ૮ થી ૧૧ દરમિયાન ધોરણ ૧૦ અને ૧૨ ની પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાં ૧૩ બિલ્ડીંગોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં સામાન્ય પ્રવાહની પરીક્ષાને અનુલક્ષી ૩ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે.જયારે વિજ્ઞાન પ્રવાહ માટે ૭ બિલ્ડીંગોનો ઉપયોગ થશે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે જરૂરી તમામ તકેદારી રાખવામાં આવશે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લામાં કુલ ૧૩ પરીક્ષા સ્થળોએ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં તા ૮ થી ૧૦ દરમિયાન વિજ્ઞાન પ્રવાહની કસોટી લેવાશે. જયારે તા ૧૦ જુલાઈના રોજ સામાન્ય પ્રવાહ માટે પરીક્ષાનુ આયોજન કરાયુ છે. આ ઉપરાંત ધોરણ ૧૦ માટે સવાર તેમજ બપોરે તેમ બે તબક્કામાં પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. વિવિધ ત્રણ બિલ્ડીંગ ખાતે પરીક્ષા યોજવામાં આવશે. જેમાં પ્રથમ ગુજરાતી ,વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ ત્યારબાદ સામાજિક વિજ્ઞાન ગણિત અને અંગ્રેજી ,ગુજરાતી દ્રીતીય ભાષાની કસોટી લેવાશે. ૫૦ ગુણના પ્રશ્નો ઓ એમ આર પધ્ધતિથી પુછવામાં આવશે. પરીક્ષા સ્થળોએ મોબાઈલ સહીતના કોઈપણ પ્રકારના ઈલેકટ્રોનિક સાધનોનો ઉપયોગ નહી કરવા જણાંવાયુ છે.

## ખોરજમાં ૧૫ વર્ષીય યુવતીને કોલેરા પોઝીટીવ જણાયો

### જિલ્લામાં કોલેરાના કેસોની સંખ્યા ૨૨ પર પહોંચી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર-સરખેજ હાઈવે પર આવેલ ખોરજ ગામમાંથી આજે કોલેરા પોઝીટીવનો એક કેસ મળી આવતાં આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી છે.

ખોરજ ગામની ૧૫ વર્ષીય યુવતીને ઝાડા-ઉલ્ટીની ફરિયાદને પગલે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. જ્યાં આજે પરીક્ષણ દરમ્યાન તેણીનીને કોલેરા પોઝીટીવ જણાયો હતો.

કોલેરાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં જ જિલ્લાતંત્રને તેની જાણ કરાઈ હતી અને જિલ્લાતંત્રએ તાબડતોબ પ્રાથમિક સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. જેમાં દર્દીના રહેઠાણ વિસ્તારની આસપાસમાંથી એક પણ શંકાસ્પદ કેસ ઝાડા-ઉલ્ટીનો મળ્યો નથી.

તંત્ર દ્વારા હવે સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે દર્દીની સ્થિતિ સુધારા પર છે. જિલ્લામાં આ કેસની સાથે કોલેરા પોઝીટીવ કેસોની સંખ્યા ૨૨ પર પહોંચી છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે કોલેરાના કેસોની સંખ્યા વધી છે. મોટાભાગના કેસો છુટા છવાયા મળી આવ્યા હોવાથી તંત્રની મૂંઝવણમાં વધારો થવા પામ્યો છે. ઉનાળાની સિઝન દરમ્યાન પાણીજન્ય રોગચાળાના કેસોમાં પણ ભારે વધારો જોવા મળતાં તંત્રએ પાણીના ક્લોરીનેશન અને સ્વચ્છતા ઉપરાંત અખાદ્ય ચીજોના વેપાર પર પગલાં લેવા માટેનું મન બનાવી લીધુ છે.

## બેસણું



અમારા પરિવારના મોભી **શ્રી રણજીતસિંહ ભવાનજી ગોહિલ** (નિવૃત્ત સેકશન અધિકારી, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર)નું તા. ૩૦/૬/૨૦૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૪/૭/૨૦૧૬, સોમવારના રોજ સવારે ૯-૦૦થી** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સરપંચનો માઢ, દરબાર વાસ, મુ. ઈન્દ્રોડા, તા.જી. ગાંધીનગર. મો. નં. ૭૬૨૧૯૬૭૬૭૬

| | |
|---|---|
| છત્રસિંહ ધનાજી ગોહિલ (કાકા) | દુષ્યન્તસિંહ રણજીતસિંહ ગોહિલ (પુત્ર) |
| અજીતસિંહ ધનાજી ગોહિલ (કાકા) | રાજનસિંહ રણજીતસિંહ ગોહિલ (પુત્ર) |
| રાજેશસિંહ ભવાનજી ગોહિલ (ભાઈ) | ભાવનાબા રાજેન્દ્રસિંહ વાઘેલા (સુપુત્રી) |
| રતનસિંહ ગોપાળજી ગોહિલ (ભાઈ) | રાજેન્દ્રસિંહ ગણપતસિંહ વાઘેલા (જમાઈશા) |
| રાકેશસિંહ ભવાનજી ગોહિલ (ભાઈ) | વિષ્ણુબા રાજનસિંહ ગોહિલ(પુત્રવધુ) (નાયબ સે.અ., શ.વિ.અને શ.ગૃ.નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર) |
| બુધાજી જવાનજી ગોહિલ (ભાઈ) | |

## આજે શહેર ભાજપની પ્રથમ કારોબારી બેઠક

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર ભાજપની આજે વિસ્તૃત કારોબારીની બેઠક સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે મળશે. પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રભારી શ્રીમતી રમીલાબેન બારાની ઉપસ્થિતિમાં આ કારોબારીની બેઠક મળશે. પ્રદેશ કારોબારી બેઠક પછી મળી રહેલી આ શેહર કારબારીની બેઠકમાં મેયર, પદાધિકારીઓ, કાઉન્સીલરો સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે.

શહેર ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બેઠકમાં બે પ્રસ્તાવો પસાર કરવા ઉપરાંત રાજય સરકારે કરેલા મહત્વના નિર્ણયો તેમજ મેળવેલ સિદ્ધિઓની જાણકારી આપવામાં આવશે.

આ બેઠકમાં બોર્ડ નિગમોના ચેરમેન-ડિરેકટર્સ ઉપરાંત ધારાસભ્યો પણ વિશેષ ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળેલ છે. શહેર ભાજપ સંગઠ્ઠનની રચના તેમજ મનપાની ચૂંટણી પછી પહેલીવાર બેઠક મળી રહી હોવાથી તેનું વિશેષ મહત્વ છે.

## વાદળોની અવરજવર પણ વરસાદની ગેરહાજરી

**વરસાદ ન પડતા ગરમી અને બફારો વધ્યો : વસાહતીઓએ આકાશ તરફ મીટ માંડી**

ગાંધીનગર, તા. ૨

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સતત વરસાદ થઈ રહ્યો છે ત્યારે ઉત્તર ગુજરાતમાં વરસાદની સતત ગેરહાજરી છે. આજે આખો દિવસ વાદળોની અવરજવર વચ્ચે ગાંધીનગરમાં બફારો વધ્યો હતો.

છેલ્લા બે અઠવાડિયાથી ગાંધીનગરાઓ વરસાદની ખુબ રાહ જોઈ રહ્યા છે. આકાશમાં વાદળોની અવરજવર સતત જોવા મળી રહી છે અને ક્યારેક ક્યારેક વરસાદી ઝાપટુ પડી જાય છે. ધોધમાર વરસાદની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ઘણો વરસાદ થઈ રહ્યો છે. દરરોજ તે અંગેના સમાચારો અખબારોમાં અને સોશીયલ મિડીયામાં ફરતાં થયા છે. આ સમાચારો વાંચી ગાંધીનગરના નગરજનો જીવ બાળી રહ્યા છે. શહેરમાં વાદળોની સતત અવરજવર જોવા મળી રહી છે. પરંતુ વરસાદ પડતો નથી. આજે પણ આખો દિવસ વાદળોની સતત અવરજવર રહી હતી પરંતુ વરસાદ પડ્યો ન હતો. વરસાદની ગેરહાજરીમાં ગરમી અને બફારો વધ્યો હતો. આજે મહત્તમ તાપમાન ૩૪.૫ ડિ.સે. અને લઘુત્તમ ૨૮.૮ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજ સવારે ૭૬ ટકા અને સાંજે ૬૧ ટકા રહ્યુ હતુ. છેલ્લા ચાર દિવસથી વરસાદ હાથતાળી આપીને જાય છે. રોજ સાંજે વાદળો ગોરંભાય છે, વરસાદ પડવાની શક્યતા ઉભી થાય છે અને કોણ જાણે કેમ વરસ્યા વિના વાદળો રવાના થઈ જાય છે. ગાંધીનગરમાં અસહ્ય બફારાની વચ્ચે નગરજનો વરસાદની આતુરતાપૂર્વક રાહ જુએછે.



## આજે પ્રદેશ પ્રમુખ શહેરના બે વોર્ડમાં જશે

ગાંધીનગર, તા. ૨

ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખશ્રી વિજયભાઈ રૂપાણી આજે સવારે ૧૦.૩૦ વાગે સે-૩૦ના સર્વોદયનગર ખાતે અને ૧૧.૩૦ વાગે રામદેવનગર ધોળાકુવા ખાતે શ્યામાપ્રસાદ મુખરજીના જીવનકવન વિશે વકતવ્ય આપી શ્યામાપ્રસાદ મુખરજીના જન્મદિનથી નિર્વાણદિનના પખવાડિયાની ઉજવણીમાં ભાગ લેશે.

શહેર ભાજપ પ્રમુખશ્રી મહેન્દ્ર પટેલે આજે એક નિવેદમાં જણાવ્યું છે કે પ્રદેશ પ્રમુખશ્રી શહેરના બે વોર્ડમાં પહેલીવાર મુલાકાતે આવી રહ્યા છે. તેઓ તેમના વકતવ્યમાં શ્યામાપ્રસાદ મુખરજીના યોગદાન પર બુથોમાં પ્રવચન આપશે તેમજ કાર્યકર્તાઓને મળશે.

તેમણે જણાવ્યું છે કે શહેર ભાજપ દ્વારા આ પખવાડિયાની ઉજવણીના કાર્યક્રમો અન્ય વોર્ડમાં પણ ઉજવવામાં આવનાર છે.

## બેસણું



અમારા પૂજ્ય મોટા બાશ્રી **મધુબેન બાબુલાલ પટેલ તા. ૦૧-૦૭-૨૦૧૬,** શુક્રવારના રોજ અક્ષર નિવાસી થયા છે. સદ્ગતનું બેસણું **તા. ૦૩-૦૭-૨૦૧૬**ને રવિવારના રોજ **સવારે ૮ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૩૫૭, ગાયત્રી સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર, મો. ૯૭૨૩૨૧૪૬૮૪

લી. જીતેન્દ્રભાઈ મોહનલાલ પટેલ ● પન્નાબેન પ્રભાકરભાઈ પટેલ

સમસ્ત ડભોડા પરિવાર

## પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ



**સ્વ. નંદુબા છત્રસિંહ વાઘેલા (ઘંટીવાળા)**

**સ્વ. તા. ૦૩-૦૬-૨૦૧૬**

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતી નથી,
હર હંમેશ હેતની લાગણી સહેજ વિસરાતી નથી.
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે. વરસ્યા છો દૂર
છતાં કૃપા આપની વરસતી રહેશે.

**આપના દિવ્ય આત્માને કોટી કોટી વંદન...**

અમિતસિંહ, ધવલસિંહ, મયુરસિંહ
સોહનસિંહ, નમતા, રોશની
તથા છત્રસિંહ પરિવાર
જશવંતસિંહ સી. વાઘેલા (સે.૨૮)
ભૂપેન્દ્રસિંહ સી. વાઘેલા
નરેન્દ્રસિંહ સી. વાઘેલા

મુ.પો. પેથાપુર, તા. જિ. ગાંધીનગર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com